GJBK040009802023

**મે. ડીસા ના બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં**

**<u>ફોજદારી કેસ નં.૮૦૧/૨૦૨૩</u>**

**૭**

**ફરીયાદીઃ –  શ્રી સરકાર**

વિરુદ્દ્ધ

**આરોપી:–  મદારજી શંકુજી રાઠોડ**
રહે. જુના નેસડા, તા.ડીસા, જી.બનાસકાંઠા.

**ગુનોઃ – ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમ–૬૫(એએ) મુજબ**

**// ચુકાદો //**

**૧.**ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે ક, આ કામના આરોપીઓ એ બનાવ સ્થળે અને સમયે પોતાના કબજામાં પ્રતિબંધિત દારૂનો જથ્થો પાસ પરમિટ વિના રાખી પકડાઇ જઇ આરોપીઓ એ ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમ –૬૫(એએ) મુજબનો ગુનો કરેલ છે.

**૨.** આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યાર બાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીની પ્લી લઈ ગુના અંગે પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે તથા ગુના કબુલાતની પુરશીશ રજુ રાખેલ છે. આરોપીએ કરેલી કબુલાત એ કોઇના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે અત્રેની કોર્ટને કોઇ કારણ જણાતું નથી. જેથી આરોપીની ગુના કબુલાત ગ્રાહ્ય રાખવામાં આવે છે.

**3.** આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે. સદર ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. આમ, આરોપીની ગુના કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાઈ આવે છે. આરોપીનો ગુનો કરવાનો ઈરાદો ન

હોવાનું જણાવેલ છે તે તથા આરોપીની આર્થિક, સામાજીક પરીસ્થીતી સારી નથી તેવુ જણાવેલ છે તે તથા આરોપીની તેઓનો આ પ્રથમ ગુનો છે તેવી રજુઆત તથા ગુનો કર્યાનો આરોપીને અફસોસ છે તેવી રજુઆત તથા ગુનાનો પ્રકાર અને ગંભીરતા ધ્યાને લીધી. નામદાર ગુજરાત હાઈકોર્ટનો નટવર હરચંદ વિ. સ્ટેટ, જી.એલ.આર.–૨૦૦૫ પેજ નં. ૭૦૯ ના ચુકાદામાં કરવામા આવેલ અવલોકન ધ્યાને લેતાં હાલના કેસમાં પણ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા કરવી ન્યાયોચિત જણાઈ આવ છે અને તેથી ગુનાનો પ્રકાર અને સ્વૈચ્છિક કબુલાતની હકીકતો ધ્યાને લેતા કાયદામાં નિર્દિષ્ટ પુરેપુરી સજા નહી પરંતુ આરોપીને તેઓની સામેના ગુનાઓનો પ્રકાર વિગેરે ધ્યાને રાખી ઓછી સજાનો હુકમ કરવાનો યોગ્ય જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

**૧.** આ કામના આરોપીને ક્રી. પ્રો. કોડની કલમ–૨૪૧ અન્વયે ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમ–૬૫(એએ) ના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને દરેક આરોપીને રૂા.૧૦૦/–(અંકે રૂપીયા સો પુરા) નો દંડ, જો દંડ ના ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.( કુલ દંડ રૂા.૧૦૦/–)

**૨.** આ કામે કબજે લીધેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવો.

હુકમ આજરોજ સ્પેશીઅલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૩/૧૨/૨૦૨૫
સ્થળ:–ડીસા.

**(પંકજ સુધીરભાઈ શાહ)**
બીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,ડીસા
કોડ નં.જીજે ૦૧૪૧૪